# GUJARATI
## Paper - II

Signature of Invigilators

Roll No. | | | | | |

(In figures as in Admit Card)

1. ........................................

**Dec-08/06**

Roll No. ........................................

2. ........................................

........................................

(in words)

Name of the Areas/Section (if any) ........................

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : **A** ખોટી રીત : **A** , **A**

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.

## GUJARATI
## PAPER–II

## ગુજરાતી
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice questions, each question carrying **two (2)** marks. Mark the correct response in the answer-sheet. All questions are compulsory.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પ પ્રશ્નો છે. દરેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.

---

1. 'આરામ શોભારાસ' કૃતિના કર્તા કોણ છે ?
   (A) જિન સુંદર સૂરિ (B) જિનહર્ષ
   (C) જિનેન્દ્ર સાગર (D) જિન સોમપુરી

2. વિજયસેનં સૂરિની કૃતિ છે :
   (A) જંબુ સામિ ચરિય (B) નેમિનાથ ફાગુ
   (C) ત્રિભુવન દીપક પ્રબંધ (D) રેવંત ગિરિ રાસુ

3. 'નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી' : અલંકાર ઓળખાવો.
   (A) સ્વભાવોક્તિ (B) રૂપક
   (C) ઉત્પ્રેક્ષા (D) ઉપમા

4. દ્વિગુ સમાસનું ઉદાહરણ છે :
   (A) રીતરિવાજ (B) પંચવટી
   (C) દાણોપાણી (D) સ્નેહાધીન

5. કઈ કૃતિ નાટક સ્વરૂપની છે ?
   (A) બારણે ટકોરા (B) સોયનું નાકું
   (C) કાન્તા (D) બાથટબમાં માછલી

6. ભૂપસિંહનું પાત્ર કઈ નવલકથામાં છે ?
   (A) કરણઘેલો (B) ગુજરાતનો નાથ
   (C) વનરાજ ચાવડો (D) સરસ્વતીચંદ્ર

7. 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની' પંક્તિના કવિ કોણ છે ?

(A) રાજેન્દ્ર શાહ (B) પ્રહલાદ પારેખ

(C) પ્રિયકાન્ત મણિયાર (D) ઉશનસ્

8. 'કવિતા શિક્ષણ' ના કર્તા કોણ છે ?

(A) રામનારાયણ પાઠક (B) બળવન્તરાય ઠાકોર

(C) આનંદશંકર ધ્રુવ (D) નરસિંહરાવ દીવેટિયા

9. સુધારક યુગના લેખક છે :

(A) મનસુખલાલ ઝવેરી (B) વિજયરાય વૈદ્ય

(C) મનસુખરામ ત્રિપાઠી (D) ભોળાનાથ દીવેટિયા

10. ટૂંકી વાર્તાના લેખક તરીકે જાણીતા છે :

(A) બકુલેશ (B) નિરંજન ભગત

(C) મણિલાલ નભુભાઈ (D) મહીપતરામ નીલકંઠ

11. 'અમે બરફનાં પંખી રે ભાઈ !

ટહુકે ટહુકે પીગળ્યાં' પંક્તિના કવિ છે :

(A) રાવજી પટેલ (B) જગદીશ જોશી

(C) વિનોદ જોશી (D) અનિલ જોશી

12. મુનશી પ્રેમચંદની જાણીતી કૃતિ છે :

(A) ગણ દેવતા (B) નિર્મલા

(C) મૈલા આંચલ (D) પિંજર

13. 'ધ પ્લેગ' ના લેખક છે :

(A) અર્નેસ્ટ હેમિંગ્વે (B) લિયો ટોલ્સટોય

(C) આલ્બેર કામૂ (D) મોપાંસા

14. 'ન તત્ર સૂર્યો ભાતિ' ના સર્જક છે :

(A) સુરેશ હ. જોષી (B) કિશોર જાદવ

(C) રાધેશ્યામ શર્મા (D) શ્રીકાન્ત શાહ

15. 'પડે છે ત્યારે સઘળું પડે છે' : કઈ વાર્તાની ઉક્તિ છે :

(A) આત્માનાં આંસુ (B) વિનિપાત

(C) ભૈયાદાદા (D) પોસ્ટ ઓફિસ

16. બે નવલકથા ગાંધી યુગની છે :

(A) ગાંધીની કાવડ – દીવ્યચક્ષુ (B) પાદરનાં તીરથ – આંગળિયાત

(C) પારકાં જણ્યાં – કૂવો (D) ગ્રામ લક્ષ્મી – વેવિશાળ

17. બે કવિઓ અનુ આધુનિક યુગના છે :

(A) યજ્ઞેશ દવે – મકરંદ દવે

(B) દલપત પઢિયાર – નલિન રાવળ

(C) હરીશ મીનાશ્રુ – મણિલાલ હ. પટેલ

(D) જયદેવ શુકલ – પ્રબોધ પરીખ

18. બે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ગ્રંથો છે :

(A) પ્રતિશબ્દ – નાટયશાસ્ત્ર (B) અભિનવ ભારતી – પરિધિ

(C) કાવ્યતત્વવિચાર – શબ્દાનુશાસન (D) કાવ્યાદર્શ – ધ્વન્યાલોક

19. બે પાશ્ચાત્ય મહાકાવ્યો છે :

(A) ડિવાઈન કોમેડી – પેરેડાઈઝ લોસ્ટ

(B) ઈલિયડ – દુઈનો એલિજિ

(C) બ્લેક ફોરેસ્ટ – ધ વેસ્ટ લેન્ડ

(D) યુલિસિસ – એગેમેમ્નોન

20. બે નોબેલ પારિતોષિક વિજેતા છે :

(A) રવીન્દ્રનાથ ટાગોર – ફ્રાન્ઝ કાફકા

(B) હેરોલ્ડ પિન્ટર – ઓરહાન પામુક

(C) અર્નેસ્ટ હેમિંગ્વે – પોલ વાલેરી

(D) જ્યાં પોલ સાર્ત્ર – હેન્રી જેમ્સ

21. બે કવિઓ જ્ઞાનમાર્ગી ધારાના છે :

(A) શામળ – દયારામ

(B) ભાલણ – મીરાં

(C) નરસિંહ – ભીમ

(D) માંડણ – વસ્તો વિશ્વંભર

22. બે જાણીતા નવલકથાકારો છે :

(A) પન્નાલાલ પટેલ – જયંત ખત્રી

(B) ચુનીલાલ મડિયા – પ્રવીણસિંહ ચાવડા

(C) ભગવતીકુમાર શર્મા – વીનેશ અંતાણી

(D) ધીરુ બહેન પટેલ – પન્ના નાયક

23. માહિતી : ક : ટી.એસ. એલિયટે કવિતાના ત્રણ સૂરની વિભાવના આપી છે :

માહિતી : ખ : આનંદશંકર ધ્રુવ કવિતાને આત્માની કલા કહે છે :

(A) ક સાચું છે પણ ખ ખોટું છે

(B) ક અને ખ બંને સાચાં છે

(C) ખ સાચું છે પણ ક ખોટું છે

(D) ક અને ખ બંને ખોટાં છે

24. માહિતી : ક : 'માને ખોળે' વાર્તાના કર્તા પન્નાલાલ પટેલ છે.

માહિતી : ખ : 'વહુ અને ઘોડો' વાર્તાના કર્તા ચુનીલાલ મડિયા છે.

(A) ક અને ખ બંને ખોટાં છે

(B) ક અને ખ બંને સાચાં છે

(C) ખ સાચું અને ક ખોટું છે

(D) ક સાચું અને ખ ખોટું છે

25. માહિતી : ક : 'ઉત્તરરામચરિત' ના અનુવાદક નગીનદાસ પારેખ છે.

માહિતી : ખ : 'વેઈટિન્ગ ફોર ગોદો' ના અનુવાદક સુમન શાહ છે.

(A) ખ ખોટું છે પણ ક સાચું છે (B) ક અને ખ બંને ખોટાં છે

(C) ક અને ખ બંને સાચાં છે (D) ક ખોટું છે પણ ખ સાચું છે

26. માહિતી : ક : લોક સાહિત્યનો કોઈ કર્તા હોતો નથી.

માહિતી : ખ : અનેક લોકો વડે લખાય તે લોક સાહિત્ય.

(A) ખ સાચું છે પણ ક ખોટું છે (B) ક અને ખ બંને સાચાં છે

(C) ક સાચું છે પણ ખ ખોટું છે (D) ક અને ખ બંને ખોટાં છે

27. બે વાકયથી બનેલું કયું યુગ્મ સમ્પૂર્ણ ખોટું છે :

(A) 'નિર્વાણ' ના કવિ નીતિન મહેતા છે, 'પ્રાથમ્ય' ના કવિ જયદેવ શુકલ છે

(B) 'પેરેલિસિસ' મધુ રાયની નવલકથા છે, 'ફેરો' જયોતિષ જાનીની નવલકથા છે

(C) 'તથાપિ' ના સંપાદક જયેશ ભોગાયતા છે, 'પ્રત્યક્ષ' ના સંપાદક રમણ સોની છે

(D) 'અંચઈ' શિરીષ પંચાલનો વાર્તાસંગ્રહ છે, 'સાંજનો સમય' હિમાંશી શેલતનો વાર્તાસંગ્રહ છે

28. બે વાકયથી બનેલું કયું યુગ્મ સમ્પૂર્ણ સાચું છે :

(A) 'બાપાની પીંપર' ના કવિ દલપતરામ છે, 'બાપાની પીંપર' વાર્તાના સર્જક કિરીટ દૂધાત છે

(B) 'તાંદુલ' કાવ્યસંગ્રહના કર્તા રમેશ પારેખ છે, 'ખડિંગ' કાવ્યસંગ્રહના કર્તા અનિલ જોશી છે

(C) 'કાવ્યની શક્તિ' ના લેખક ઉમાશંકર જોશી છે, 'નિરીક્ષા' ના લેખક સુંદરમ્ છે

(D) 'અટકળ' ના કવિ મનહર મોદી છે, 'પગરવ' ના કવિ ચિનુ મોદી છે

29. બે વાકયથી બનેલું કયું યુગ્મ સમ્પૂર્ણ ખોટું છે :

(A) 'દર્શક' ગાંધી યુગના નવલકથાકાર છે, 'દર્શક' 'પરિત્રાણ' ના લેખક છે

(B) સુન્દરમ્ 'અર્વાચીન કવિતા' ના લેખક છે, '૧૩-૭ ની લોકલ' ના કવિ સુન્દરમ્ છે

(C) ધીરુભાઈ ઠાકર સાહિત્યના ઇતિહાસકાર છે, 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન' ના કર્તા ડાહ્યાભાઈ દેરાસરી છે

(D) મધુ રાય આધુનિક કવિ છે, સિતાંશુ યશશ્ચન્દ્ર આધુનિક વાર્તાકાર છે

30. બે વાકયથી બનેલું કયું યુગ્મ સમ્પૂર્ણ સાચું છે :

(A) 'મલક' ના કર્તા દલપત ચૌહાણ છે, 'ડાયા પશાની વાડી' ના કર્તા મોહન પરમાર છે

(B) 'બહિષ્કૃત ફૂલો' ના કવિ હરીશ મંગલમ્ છે, 'સાંકળ' વાર્તાસંગ્રહના લેખક જોસેફ મેકવાન છે

(C) 'ભીલોનું ભારથ' ના લેખક કાનજી પટેલ છે, 'ડહેલું' ના લેખક ડાહ્યાભાઈ વાઢુ છે

(D) 'અરવ' ના કવિ વિનોદ જોશી છે, 'સાપ ફેરા' ના કવિ રાજેશ પંડયા છે

31. નીચેનામાંથી કયું જૂથ સમ્પૂર્ણ સુસંગત છે ?

(A) જયંત પાઠક, નવલકથાકાર 'જનાન્તિકે', 'પ્રાધ્યાપક'

(B) જયંત પાઠક, 'અનુનેય', 'વગડાનો શ્વાસ', 'વનાંચલ'

(C) જયંત પાઠક, નાટયકાર, ગાંધીયુગના કવિ, 'આધુનિક કવિતા પ્રવાહ'

(D) જયંત પાઠક, 'ગ્રંથ' ના સંપાદક, વતન પ્રેમના કવિ, વાર્તાકાર

32. નીચેનામાંથી કયું જૂથ સમ્પૂર્ણ સુસંગત છે ?

(A) ટૂંકી વાર્તા, રતિલાલ બોરીસાગર, 'રેતીની રોટલી', 'સંસ્કૃતિ'

(B) ટૂંકી વાર્તા, હરિવલ્લભ ભાયાણી, 'છિન્નપત્ર', 'મનીષા'

(C) ટૂંકી વાર્તા, મલયાનિલ, 'ગોવાલણી', 'વીસમી સદી'

(D) ટૂંકી વાર્તા, જયંત પારેખ, 'સભા', 'ક્ષિતિજ'

33. નીચેનામાંથી કયું જૂથ સંપૂર્ણ અસંગત છે ?

(A) રમણભાઈ નીલકંઠ, પંડિતયુગ, 'રાઈનો પર્વત', 'જ્ઞાન સુધા'

(B) ગોવર્ધનરામ ત્રિપાઠી, 'લીલાવતી જીવનકલા', 'સાક્ષર જીવન', પરિષદ પ્રમુખ

(C) આનંદશંકર ધ્રુવ, પંડિતયુગ, 'કાવ્યતત્વ વિચાર', 'વસંત'

(D) નર્મદ, 'કવિતા અને સાહિત્ય', 'મારું આત્મવૃત્તાંત', 'મિથ્યાભિમાન'

34. નીચેનામાંથી કયું જૂથ સંપૂર્ણ અસંગત છે ?

(A) સોનેટ, 'ઉપહાર', ઉશનસ્, અનુગાંધીયુગ

(B) ખંડ કાવ્ય, 'આપની યાદી', 'નિરંજન ભગત', સુધારકયુગ

(C) ગઝલ, 'ગઝલ સંહિતા', શ્યામ સાધુ, કાફિયા-રદીફ

(D) ગીત, 'બુલબુલ', સંજુવાળા, ઊર્મિકવિતાનો પ્રકાર

35. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી એક | યાદી બે |
|---|---|
| (અ) ટૂંકી વાર્તા | (૧) અંબાલાલ સાકરદાસ દેસાઈ |
| (બ) શાંતિદાસ | (૨) વાત્રકને કાંઠે |
| (ક) નવલ | (૩) જયંત ખત્રી |
| (ડ) વહેતાં ઝરણાં | (૪) કથા સાહિત્ય |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૨ | ૩ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૨ | ૧ | ૩ | ૪ |

36. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી એક | યાદી બે |
|---|---|
| (અ) અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ | (૧) આત્મકથા |
| (બ) વાતો | (૨) વિવેચન |
| (ક) કથોપકથન | (૩) સોનેટ |
| (ડ) સીધાં ચઢાણ | (૪) જીવનકથા |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૨ | ૧ | ૪ | ૩ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૪ | ૨ | ૧ | ૩ |

37. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી એક | યાદી બે |
|---|---|
| (અ) ઈદમ્ સર્વમ્ | (૧) અનુવાદ |
| (બ) લોહનગર | (૨) કાવ્યસંગ્રહ |
| (ક) તથાપિ | (૩) નિબંધ સંગ્રહ |
| (ડ) પરકીયા | (૪) ટૂંકી વાર્તા |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૧ | ૨ |
| (B) | ૧ | ૩ | ૨ | ૪ |
| (C) | ૩ | ૧ | ૨ | ૪ |
| (D) | ૩ | ૪ | ૨ | ૧ |

38. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી એક | યાદી બે |
|---|---|
| (અ) ગુજરાતી સાહિત્ય પરિષદ | (૧) ગાંધીજી |
| (બ) ગૂજરાત વિદ્યાપીઠ | (૨) રાજેન્દ્ર શાહ |
| (ક) સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કાર | (૩) રણજિતરામ મહેતા |
| (ડ) જ્ઞાનપીઠ પુરસ્કાર | (૪) રતિલાલ 'અનિલ' |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૧ | ૪ | ૨ |
| (B) | ૧ | ૪ | ૩ | ૨ |
| (C) | ૨ | ૪ | ૧ | ૩ |
| (D) | ૩ | ૪ | ૨ | ૧ |

39. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી એક | યાદી બે |
|---|---|
| (અ) દયારામ | (૧) કાદંબરી |
| (બ) ભાલણ | (૨) સૂરત સંગ્રામ |
| (ક) અખો | (૩) ગરબી |
| (ડ) નરસિંહ | (૪) અનુભવબિંદુ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૧ | ૪ | ૨ |
| (B) | ૧ | ૪ | ૩ | ૨ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૩ | ૪ | ૨ | ૧ |

40. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) શ્રીધર વ્યાસ નરસિંહ વલ્લભ મેવાડો

(B) લાભશંકર ઠાકર, ઉશનસ્ સ્નેહરશ્મિ

(C) સોરઠ, તારાં વહેતાં પાણી, ભવસાગર, કામિની

(D) વધામણી, ત્રિમૂર્તિ, આધુનિક અરણ્ય

41. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) રાસ ગરબી આત્મકથા ટૂંકી વાર્તા

(B) પોસ્ટ ઓફિસ, શ્રાવણી મેળો, ધાડ

(C) ડાંડિયો, પ્રસ્થાન, ગ્રંથ

(D) નીતિન મહેતા નવલરામ નગીનદાસ પારેખ

42. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) યાત્રા, વસુધા, કોયા ભગતની કડવી વાણી

(B) દોસ્તોએવ્સ્કી, શેકસપિયર, એરિસ્ટોટલ

(C) અશ્રુધર, ઝંઝા, વૃત્તિ અને વાર્તા

(D) રમણીયતાવિચાર, રીતિવિચાર, ધ્વનિવિચાર

43. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) લીલુડી ધરતી, જય સોમનાથ, સાસુ વહુની લઢાઈ

(B) કુસુમમાળા, ચિત્રદર્શનો, પૂર્વાલાપ

(C) અનન્તમૂર્તિ, ફણીશ્વરનાથ રેણુ, મહાશ્વેતા દેવી

(D) હરીન્દ્ર દવે, કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રિયકાન્ત મણિયાર

44. આજકાલ ગુજરાતી સાહિત્યમાં ગીત-ગઝલો વધારે લખાય છે :

(A) કવિઓ માની બેઠો છે કે ગીત-ગઝલ લખવા સહેલાં છે

(B) કવિઓની માન્યતા છે કે લોકોને આ બે જ સ્વરૂપો છે

(C) કવિઓનું છંદોલયનું જ્ઞાન મર્યાદિત છે

(D) કીર્તિ અને કલદાર વધારે મળે છે

45. ગુજરાતીમાં વિદેશી કૃતિઓના અનુવાદો ઓછા થવા લાગ્યા છે :

(A) ગુજરાતી વાચકો અનુવાદિત કૃતિઓ વાંચતા નથી

(B) વિદેશી કૃતિઓ પૂરતા પ્રમાણમાં મળતી નથી

(C) પ્રકાશકો અનુવાદિત કૃતિઓ છાપતા નથી

(D) અંગ્રેજી ભાષાનું જ્ઞાન ક્રમશઃ ઘટી રહ્યું છે

નીચે આપેલા ગદ્યખંડને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમાંક દર્શાવો :

મનુષ્યના પારસ્પરિક વ્યવહારનું એક અગત્યનું સાધન તે ભાષા. આ વ્યવહારની ભાષાને જ સર્જક વિશિષ્ટ રીતે પ્રયોજે છે. કવિ નવા શબ્દો પ્રયોજતો નથી, પણ પોતાની ભાવાવસ્થાના પરિવેશમાં શબ્દોને જાણે કે નવેસરથી જીવતા કરે છે, એને માટે નવા સંદર્ભોનું નિર્માણ કરે છે. વ્યાવહારિક પ્રયોજનને સિદ્ધ કરવાને યોજાતી અસન્દિગ્ધને નિશ્ચિત સંકેતવાળી ભાષા જે કર્તા, કર્મ ને ક્રિયાપદના અન્વયના ચોકઠામાં ગોઠવાઈ જાય છે,

તે અન્વયનું ચોકઠું ને વિન્યાસ, કવિને ખપમાં આવતા નથી. કાવ્યની પંક્તિમાંનો અન્વય તે વ્યાકરણ શાસિત નથી. એ કવિના ભાવજગતના અકળ નિયમોથી સિદ્ધ થતો હોય છે. શબ્દોની સહોપસ્થિતિ જ ત્યાં પૂરતી નથી, એની વચ્ચેની ખૂટતી કડીઓ, વિભક્તિના પ્રત્યયથી નહીં, પણ હૃદયના પ્રત્યયથી દરેક ભાવકે પોતે, કલ્પનાશીલ સમસંવેદનના બળથી કવિની ભાવસ્થિતિમાં મૂકીને, સાંધી દેવાની હોય છે. આમ છતાં, કવિએ જે કાવ્યમાં વ્યક્ત કરવા ધાર્યું હોય તે જ, તે ને તે રૂપે, કદી ભાવકના ચિત્તમાં સંક્રાન્ત થઈ શકતું નથી. કાવ્યનો સ્વભાવ જ એવો છે કે કવિ અને ભાવક વચ્ચે ભાવનું આવું સમીકરણ સિદ્ધ થઈ શકતું નથી, ને એમાં જ કાવ્યની સમૃદ્ધિ રહેલી છે.

46. કવિ કાવ્યમાં ભાષાને પ્રયોજે છે :

(A) વ્યવહાર ભાષાનો પ્રત્યક્ષ પ્રયોગ કરે છે

(B) કવિ વ્યાકરણના નિયમોને અનુસરે છે

(C) કવિ ભાવસ્થિતિઓ પ્રમાણે ભાષામાં નવો પ્રાણ પૂરે છે

(D) કવિની ભાષા શબ્દકોશના અર્થને જ અનુસરે છે

47. આ ગદ્યખંડનો કેન્દ્રીય વિચાર છે :

(A) કાવ્યના વિવિધ ઘટકોની માહિતી આપે છે

(B) વ્યવહારભાષા અને કાવ્યભાષા વચ્ચેનો તાત્વિક ભેદ

(C) કવિ પોતાની ભાવનાઓનું ભાષામાં રૂપાંતર કરે છે

(D) કાવ્યના પ્રત્યાયનનો સિદ્ધાંત રજૂ કરે છે

48. કાવ્યની ભાષા ભાવકને સમસંવેદનનો અનુભવ કરાવે છે :

(A) આ વિધાન સાચું છે

(B) આ વિધાન ખોટું છે

(C) આ વિધાન ગેરમાર્ગે દોરનારું છે

(D) આ વિધાનમાં અર્ધસત્ય છે

49. આ ગદ્યખંડનું શીર્ષક આપી શકાય :

(A) કવિતા અને સંવેદન

(B) વ્યવહાર ભાષાની વિશેષતા

(C) કવિતા અને ભાવક

(D) કાવ્યની ભાષાનું સ્વરૂપ

50. 'કાવ્યની પંક્તિમાંનો અન્વય તે વ્યાકરણ શાસિત નથી' : એટલે કે :

(A) કવિ વ્યાકરણના નિયમો જાણતો નથી

(B) કવિને વ્યાકરણના નિયમો બાધક લાગે છે

(C) કાવ્યની ભાષા ભાવજગતના વ્યાકરણને અનુસરે છે

(D) કવિને વ્યાકરણના નિયમો કઠોર લાગે છે.

## ROUGH WORK